ગુજરાતમાં ટપક સિંચાઈ પધ્ધતિનો વ્યાપ વધારવા સરકાર કટિબદ્ધ : ભૂપેન્દ્ર પટેલ

ઓછા પાણીએ વધુ ખેતી અને સિંચાઇ : સિંચાઇ યોજનાઓની કાર્યક્ષમતામાં વધારો કરવા અને પાણીની ઓછી સુવિધા વાળા વિસ્તારોમાં સિંચાઇ સુવિધા વધારવા, માળખાકીય સુવિધા ઊભી કરવા અંગે દાખવ્યો છે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં ડ્રીપ ઈરીગેશન-ટપક સિંચાઈનો વ્યાપ વધારી પાણીના કરકસરપૂર્ણ ઉપયોગથી હરિયાળી ક્રાંતિ વધુ વેગવાન કરવા સરકાર કટિબદ્ધ હોવાનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે. તેમજ પિયત મંડળીઓ પણ તેમાં સહયોગ કરે તે પણ જરૂરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે, પાણીની વેલ્યુ સમજીને આવનારા સમય માટે પાણી બચાવવું એ સૌની નૈતિક ફરજ છે.એટલું જ નહિ, ઓછા પાણીએ વધુ ખેતી અને સિંચાઇ માટે ડ્રીપ ઈરીગેશન-ટપક સિંચાઈનો વ્યાપ વધારી હરિયાળી ક્રાંતિ વેગવંતી બનાવવા પણ જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું ગુજરાત રાજ્ય ઉદ્વહન પિયત સહકારી સંઘ દ્વારા ગાંધીનગરમાં અભિવાદન કરવામાં આવ્યું તેનો પ્રતિસાદ તેમણે આ આપ્યો હતો. રાજ્યના બધા જ ૩૩ જિલ્લાઓની અંદાજે ૨૮૬ ઉપરાંતની ઉદ્વહન પિયત સહકારી મંડળીઓના પ્રતિનિધિઓ આ અભિવાદનમાં સહભાગી થયા હતા. રાજ્ય સરકારે લિફ્ટ ઈરીગેશન તથા ડ્રીપ ઈરીગેશન સહિત ઉદ્વહન પિયત સહકારી મંડળીઓ માટે જે ઉદાત્ત અભિગમ સિંચાઈ યોજનાઓની કાર્યક્ષમતામાં વધારો કરવા અને પાણીની ઓછી સુવિધા વાળા વિસ્તારોમાં સિંચાઈ સુવિધા વધારવા, માળખાકીય સુવિધા ઊભી કરવા અંગે દાખવ્યો છે તે અંગે ગુજરાત રાજ્ય ઉદ્વહન પિયત સહકારી સંઘ દ્વારા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિથી ગુજરાત અને ભારતે વિશ્વમાં વિકાસની આગવી ઓળખ ઊભી કરી છે. "આપણે તેનો પૂરો લાભ લઈને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ ના મંત્ર સાથે કર્તવ્યરત રહીએ "એવો અનુરોધ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કર્યો હતો. ગુજરાત રાજ્ય ઉદ્વહન પિયત સહકારી સંઘના અગ્રણીઓ, ચેરમેન દેવશી, હસુભાઈ વગેરેએ રાજ્ય સરકારના મળી રહેલા સહયોગ અને પ્રોત્સાહન માટે આભાર વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાન મોદીનો તા.૧૭ એપ્રિલનો ગુજરાત પ્રવાસ રદ

મોદી ગીર સોમનાથમાં તમિલ સંગમનો પ્રારંભ કરાવવાના હતા : ફોરેન ડેલિગેશન સાથે વડાપ્રધાનની બેઠક હોવાથી તેમજ કર્ણાટક ચૂંટણીના કારણે તેમનો આ પ્રવાસ રદ કરવામાં આવ્યો હોવાનું અનુમાન

અમદાવાદ, તા.૧૧

વડાપ્રધાન મોદી આગામી ૧૭ એપ્રિલે ગુજરાત પ્રવાસે આવવાના હતાં. હવે તેમનો આ પ્રવાસ રદ થયો છે. તેઓ ગીર સોમનાથમાં તમિલ સંગમનો પ્રારંભ કરાવવાના હતાં. ફોરેન ડેલિગેશન સાથે વડાપ્રધાનની બેઠક હોવાથી તેમજ કર્ણાટક ચૂંટણીના કારણે તેમનો આ પ્રવાસ રદ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. ચેન્નઈ ખાતે ગત ૧૯મી માર્ચે આ સૌરાષ્ટ્ર તમિલ સંગમની જાહેરાત કરી તેના લોગો, થીમ સોન્ગ અને રજીસ્ટ્રેશન પોર્ટલનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલ લોન્ચ થયાના ૨૪ કલાકમા ૧૦ હજારથી વધુ લોકોએ રજીસ્ટ્રેશન કરી આ સંગમને સારો પ્રતિસાદ આપ્યો હતો.બીજી તરફ ૧૭ એપ્રિલે તમિલ સંગમનો કાર્યક્રમ યથાવત રહેશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન રોડ શો કરવાના હતાં. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગુજરાતના સૌરાષ્ટ્ર પંથકમાંથી

સ્થળાંતર કરીને તમિલનાડુ રાજ્યમાં સ્થાયી થયેલા લોકોનું પણ સન્માન કરવામાં આવશે અને આ સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરી બંને દેશો વચ્ચે સંસ્કૃતિનું આદાન પ્રદાન કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીને લઈને ભાજપ દ્વારા તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસને લઈને અનેક તૈયારીઓ કરવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીના પ્લાનિંગને લઈને પણ તેમનો આ પ્રવાસ મહત્વનો ગણવામાં આવી રહ્યો હતો.

રાજ્યમાં કોરોના વાઈરસના નવા ૩૬૪ કેસ નોંધાયા

ગુજરાતના અનેક જિલ્લામાં ફરી કોરોનાનો પગ પેસારો : કોરોનાથી એક દર્દીનું મોત થયું છે, સોમવાર કરતા મંગળવારે નવા કેસમાં મોટો વધારો થયો છે

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં કોરોના સંક્રમણના કેસમાં એક દિવસ વધારો તો એક દિવસ ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં આજે છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૪ કોરોના કેસ સામે આવ્યા છે. આ દરમિયાન એક દર્દીનું મોત થયું છે. સોમવાર કરતા મંગળવારે નવા કેસમાં મોટો વધારો થયો છે. સોમવારે રાજ્યમાં કોરોનાના ૨૧૨ કેસ નોંધાયા હતા. ગુજરાતમાં સૌથી વધુ કેસ અમદાવાદ શહેરમાં સામે આવ્યા છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૧૪૮ કેસ નોંધાયા છે અને એકનું મોત થયું છે. તો મહેસાણામાં ૩૬ કેસ સામે આવ્યા છે. વડોદરામાં ૪૦, સુરતમાં ૩૬, પાટણમાં ૧૫, વલસાડમાં ૧૧, આણંદ અને ભરૂચમાં ૯-૯, રાજકોટમાં ૧૧, ગાંધીનગરમાં ૯, સાબરકાંઠામાં ૯, મોરબી અને નવસારીમાં પાંચ-પાંચ, કચ્છમાં ૪, ગીર સોમનાથમાં ૨, અમરેલીમાં ૧, સુરેન્દ્રનગર, મહીસાગર, પોરબંદરમાં ૧-૧ કેસ નોંધાયો છે. ગુજરાતમાં કોરોનાના એક્ટિવ કેસ ૧૯૪૭ છે, જેમાં ત્રણ દર્દી વેન્ટીલેટર છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૧૨ લાખ ૭૨ હજાર ૪૮૦ લોકો સાજા થયા છે. જ્યારે કોરોનાને લીધે અત્યાર સુધી ૧૧ હજાર ૬૩ લોકોના મોત થયા છે. ગુજરાતનો રિકવરી રેટ ૯૮.૯૯ ટકા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાની સારવાર બાદ ૩૪૮ લોકો સાજા પણ થયા છે.

સુરતમાં રખડતા શ્વાને વધુ એકનો ભોગ લીધો

સુરત, તા.૧૧

સુરતમાં રખડતા શ્વાને વધુ એકનો જીવ લીધો હતો. મળતી જાણકારી અનુસાર, સુરતમાં હડકવાના લક્ષણો સાથે સારવાર માટે ખસેડાયેલા વૃદ્ધનું મોત થયું છે. ચાર મહિના પહેલા શ્વાને વૃદ્ધ પર હુમલો કર્યો હતો. જો કે રસી લીધી નહોતી. પરંતુ બે દિવસથી મૃતક વૃદ્ધમાં હડકવાના લક્ષણો દેખાયા હતા. જેથી નવી સિવિલમાં લઈ જવામાં આવ્યા હતા. પરંતુ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન વૃદ્ધનું મોત થયું હતું. થોડા દિવસો પહેલા બે બાળકોના પણ શંકાસ્પદ મોત થાય હતા. ગત મહિને શહેરમાં ખજોદ વિસ્તારમાં ૨ વર્ષની બાળકીને શ્વાને ૪૦ જેટલા બચકાં ભર્યા હતા. જે બાદ બાળકીને સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. જ્યાં સારવારમાં તેનું મોત થયું હતું.

છાતીમાં દુખાવા થતાં ડ્રાયવરે ૧૫ કિમી બસ ચલાવી, ડેપો પર જઈ ઢળી પડ્યો

રાધનપુર, તા.૧૧

ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના ૪૦ વર્ષીય ડ્રાઈવરને છાતીમાં જોરદાર દુઃખાવો થઈ રહ્યો હતો, તેમ છતાં તે ૧૫ કિમી સુધી બસ ચલાવતો રહ્યો. પરંતુ ડેપો પર પહોંચ્યા બાદ હાર્ટ અટેક આવતા તેનું મોત નીપજ્યું હતું. આ ઘટના સોમવારે રાધનપુરમાં બની હતી. કંડક્ટર દિનેશ દેસાઈએ કહ્યું કે, ડ્રાઈવર ભરમલ આહીરે છાતીનો દુઃખાવો અને મુશ્કેલીને નજર અંદાજ કરી હતી અને ૨૦ મિનિટ સુધી બસ ચલાવતા રહ્યા. કારણ કે તેઓ મુસાફરોને અડધા રસ્તે છોડવા માગતા નહોતા. જેવી બસ રાધનપુર ડેપોમાં પહોંચી કે તેઓ ઢળી પડ્યા હતા. જે બાદ તેઓને સારવાર માટે રાધનપુર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

ભરમલ આહીર રવિવારે રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ બસ લઈને સોમનાથથી રવાના થયા હતા અને બીજા દિવસે સોમવારે સવારે લગભગ ૭.૦૫ વાગે રાધનપુર પહોંચ્યા હતા. સોમવારની સવારે તેઓએ મુસાફરોને ચા-પાણી કરાવવા માટે રાધનપુરથી લગભગ ૧૫ કિમી દૂર વારાહી પાસે બસ ઉભી રાખી હતી. કંડક્ટર દિનેશ દેસાઈએ જણાવ્યું કે, જ્યારે અહીંથી બસ લઈને નીકળ્યા ત્યારે ભરમલ આહીરે છાતીમાં દુઃખાવો અને બેચેની ફરિયાદ કરી હતી. તેઓએ મને કહ્યું હતું કે, તેમને હોસ્પિટલ લઈ જવાની જરુર છે, નહીં તો તેઓ મરી જશે. તેમ છતાં તેઓએ ૧૫ કિમી સુધી બસ ચલાવી હતી, કરાણ કે તેઓ મુસાફરોને મુશ્કેલીમાં નાખવા માગતા નહોતા. જો તેઓએ આ દુઃખાવાને નજર અંદાજ ન કર્યો હોત તો કદાચ તેઓ જીવતા હોત. અમે બસ ડેપોમાં ૧૫ મિનિટ લેટ પહોંચ્યા હતા અને એ પછી તેઓ પોતાની સીટ પર જ ઢળી પડ્યા હતા. ડેપો મેનેજર વિશાલ ગોહિલે જણાવ્યું કે, જ્યારે બસ રાધનપુર ડેપોમાં પહોંચી ત્યારે કંડક્ટર કંટ્રોલરને બોલાવીને જાણ કરી હતી કે ભરમલ આહીરની તબિયત સારી નથી. ત્યાં સુધીમાં ભરમલ આહીર ઢળી પડ્યા હતા. જે બાદ ડેપોનો સ્ટાફ તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગયો હતો, પરંતુ ડૉક્ટરે તેમને રાધનપુર સિવિલ હોસ્પિટલમાં લઈ જવાની સલાહ આપી હતી. જ્યારે તેમને લઈને સિવિલ હોસ્પિટલમાં પહોચ્યા ત્યાં સુધીમાં ખૂબ મોડુ થઈ ગયુ હતુ. જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

ભરમલ આહીરના પરિવારમાં તેમની પત્ની રૈયા અને ૧૨ વર્ષીય પુત્ર અમુલ તથા ૩ વર્ષીય દિક્ષાંત છે. તેમના પરિવારના સભ્યોએ જણાવ્યું કે, તેઓ છેલ્લાં પાંચ વર્ષથી ફિક્સ પગારમાં કામ કરતા હતા. થોડા મહિના પહેલાં જ તેમને કાયમી કરવામાં આવ્યા હતા.

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ (એસોસીએશન)ના નવા હોદ્દેદારો

અમદાવાદ, તા.૧૧

અમદાવાદ એડવર્ટાઈઝીંગ સર્કલ એસોસીએશનના વર્ષ ૨૦૨૩-૨૫ના બે વર્ષ માટે હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે. જેમાં પ્રમુખ-સમીર એન.શાહ (આદિશ્વર એડવર્ટાઈઝીંગ), સેક્રેટરી-પ્રદીપ એસ.મહેતા (વૃષ્ટિ કોમ્યુનીકેશન), ઉપપ્રમુખ-ભદ્રેશ બી.ગાંધી (રાકેશ એડવર્ટાઈઝીંગ), જો.સેક્રેટરી-કેતન એસ.દેસાઈ (આસ્થા માર્કેટીંગ), ખજાનચી- હિરેન એમ.શાહ (હિરેન એડવર્ટાઈઝીંગ), કારોબારી સભ્યોમાં અજીત આર શાહ (અજીત એડ્સ), સંદીપભાઈ એન.શાહ (અમોલા એડવર્ટાઈઝીંગ), રાજેન્દ્રભાઈ એસ.સોની (પૂર્ણિમા એડ્સ), મનીષ પી.ગાંધી (પી.ગૌતમ એન્ડ કું), પ્રશાંત પી.નારેચાણીયા (વર્ધમાન એડવર્ટાઈઝીંગ), પીનલ એ.શાહ (શાર્પ મીડીયા સર્વિસીસ), જગત બી.ગાંધી (દીપ્તી એડ્સ), જીગ્નેશ જે.ગાંધી (શ્રી ગીરીરાજ એડવર્ટાઈઝીંગ) અને હાર્દિક એ.શાહ (અરવિન એન્ડ કું)નો સમાવેશ થાય છે.

ગેરકાયદેસર કતલખાનાઓ અને દુકાનદારોને હાઈકોર્ટથી રાહત નહીં

અમદાવાદ, તા.૧૧

ગુજરાત રાજ્યમાં ચાલતા કતલખાનાઓમાં ગેરકાયદેસર રીતે પશુઓની કતલ થતી હોવાની રજૂઆત સાથે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી જેમાં પશુઓના કતલ વખતે યોગ્ય નિયમો ન પાડતા હોવાની રજૂઆત સાથે અરજી કરવામાં આવી હતી. સતત ચાલતી કાર્યવાહી દરમિયાન મુસ્લિમ ધર્મનો પવિત્ર રમજાન માસ આવતા મીટ શોપ સંચાલકો દ્વારા રાહત આપવાની માંગ સાથે વધુ એક અરજી ગુજરાત હાઈકોર્ટમાં કરવામાં આવી હતી જેમાં અરજદારોની રજૂઆત હતી કે પવિત્ર રમજાન માસ ચાલી રહ્યો છે ત્યારે વચગાળાની રાહત તેમને આપવામાં આવે. જે મામલે બંને પક્ષોની દલીલ સાંભળ્યા બાદ ગુજરાત હાઈકોર્ટ ચુકાદો અનામત રાખ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે આજે મહત્વનો ચુકાદો આપતા જણાવ્યું કે તમામ લોકોને ખાદ્ય સુરક્ષાનો અધિકાર છે પરંતુ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરીને ખાદ્ય સુરક્ષાના અધિકારની માંગ ક્યારે પણ યોગ્ય ગણી શકાય નહીં. જે કોઈપણ દુકાનદાર અથવા કતલખાના સંચાલકોએ નિયમિત વેચાણ કરવું હોય તો યોગ્ય નીતિ નિયમો મુજબ મંજૂરી લેવી જરૂરી છે અને આ મંજૂરી લીધા બાદ જ જે તે કતલખાના અથવા દુકાનો ખોલી શકાશે. ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું કે પશુ પર ક્રૂરતા મામલે **provision off prevention off cruelty to animals rule 2001.** અને ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ નું સંપૂર્ણપણે ધ્યાન રાખવું ખૂબ જરૂરી છે. તમામ કતલખાનાઓ અને માસ વેચતી દુકાનોમાં સંપૂર્ણપણે હાઈજીન જળવાય તે પણ ખૂબ જરૂરી છે.

ધોલેરા-ભાવનગર હાઈવે પર ગાડીનું ટાયર ફાટતાં ૨ પને ઈજા, પાંચ ગંભીર

ભાવનગર, તા.૧૧

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી હાઈવે પર અકસ્માતની ઘટના વધુ બની રહી છે. હજુ ગઈકાલે જ વડોદરાની નજીક કોટંબી પાસે રાતના સમયે એસટી બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો ત્યારે આજે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. આ અકસ્માતમાં ૨૫ લોકો જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે જેમા બાળકો પણ સામેલ છે. અકસ્માતની ઘટના ધોલેરા-ભાવનગર હાઈવે પર બની છે.

આ અકસ્માતની ઘટનાની વધુ વિગત મુજબ ધોલેરા-ભાવનગર હાઈવે પર સાંઢીડા અને બાવલિયાળી પાસે એક તુફાન ગાડીનું ટાયર ફાટ્યુ હતું. ગાડીનું ટાયર ફાટતા જ ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવી દીધો હતો અને અકસ્માત સર્જાયો હતો. આ તુફાનમાં મોટા ભાગના શ્રમિકો જ મુસાફરી કરી રહ્યા હતા. આ અકસ્માતની ઘટનામાં ૨૦ લોકોને સામાન્ય ઈજા જ્યારે ૫ લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. તમામ ઈજાગ્રસ્તોને ભાવનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તુફાન ગાડીમાં કુલ ૧૦ બાળકો સહિત ૩૨ લોકો સવાર સવાર હતા. અકસ્માતના પગલે હાઈવે પર લોકોના ટોળા એકઠા થયા હતા.

ઉપવાસ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રીતે વાતચીત કરવી જોઈએ કારણ કે તે પક્ષની સંપત્તિ છે તેમાં કોઈ વિવાદ નથી. પૂર્વ ડેપ્યુટી સીએમ અને કોંગ્રેસના ધારાસભ્ય સચિન પાયલોટે ભ્રષ્ટાચાર વિરુદ્ધ કાર્યવાહી ન કરવાને લઈને સીએમ અશોક ગેહલોતને ઘેર્યા છે. આજે સચિન પાયલટ જ્યોતિબા ફૂલેની જન્મજયંતિ પર શહીદ સ્મારક ખાતે પોતાની જ સરકાર સામે ઉપવાસ કરશે.

ત્રીજી વખત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હેન્ડઓવરને મંજૂરી આપવામાં આવી છે. જો તમે આ જ રસ્તે ચાલતા રહેશો તો આખા દેશમાંથી કોંગ્રેસનો સફાયો થઈ જશે. આટલું જ નહીં, શાહે મોદીને અપશબ્દો બોલવા બદલ પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીની પણ ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું કે, કોંગ્રેસના લોકો કહે છે મોદીજી, તમારી કબર ખોદવામાં આવશે. ભાઈ, તમારા કહેવાથી કંઈ થતું નથી. દેશના ૧૩૦ કરોડ લોકો મોદીજીના લાંબા આયુષ્ય માટે દિવસ-રાત પ્રાર્થના કરી રહ્યા છે. મોદીને ગાળો આપીને બહાર કાઢો. તમારી માતાએ પણ આ પ્રયાસ કર્યો છે, રાહુલ બાબા. તમે જેટલો દુરુપયોગ કરશો તેટલું કમળ ખીલશે. ગૃહમંત્રી અમિત શાહ અહીં ભાજપના પ્રદેશ કાર્યાલયનું ઉદ્ઘાટન કર્યા બાદ જનસભાને સંબોધિત કરી રહ્યા હતા.

ગૃહમંત્રીએ કહ્યું કે, એક સમયે પૂર્વોત્તર પ્રદેશ કોંગ્રેસનો ગઢ માનવામાં આવતો હતો. હવે રાહુલ બાબાએ દેશનો પ્રવાસ કર્યો છે. ત્યારપછી પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં ચૂંટણી આવી. અહીંથી કોંગ્રેસનો સફાયો થયો છે. હવે કોંગ્રેસ ક્યાંય દેખાતી નથી. તેઓ વિદેશ જાય છે. તેઓ વિદેશમાં જઈને દેશનું ખરાબ કામ કરે છે. રાહુલ બાબા હજુ પણ સમજે છે. ઉત્તરપૂર્વમાંથી ધૂળ સાફ થઈ.

પ્રતિબંધ મુકાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેરવર્તન, ક્રૂ મેમ્બરના કામમાં ઈરાદાપૂર્વક દખલ કરવી, એરક્રાફ્ટ અથવા બોર્ડ પરના કોઈપણ વ્યક્તિની સુરક્ષામાં દખલ કરવી, ખરાબ વર્તણુક જેવી કે, શારીરિક અપમાનજનક વર્તન, કોઈ બીજાના જીવ કે પોતાના માટે જોખમી વર્તન કરશે તો તે મુસાફરના વિમાનમાં મુસાફરી પર પ્રતિબંધ મુકાશે આ નિયમોને ધ્યાનમાં રાખીને એયરલાઈનની કમિટી આ નક્કી કરી શકે છે કે, જે તે વ્યક્તિને કેટલા સમય માટે એયર લાઈનમાં પ્રવાસ માટે બેન કરે. ડીજીસીએની આ એડવાઈઝરીમાં પાયલટ ક્રુ મેમ્બર્સ અને કેબિન સેફ્ટીના ડાયરેક્ટર ઈન ફ્લાઈટ સર્વિસની જવાબદારીઓનો પણ ઉલ્લેખ કર્યો છે. ડીજીસીએએ કહ્યું કે, થોડા સમયથી પ્લેનમાં સ્મોકિંગ કરવી, આલ્કોહોલનું સેવન કરવુ, અમર્યાદિત વ્યવહાર કરવો અને ઝઘડા કરવા જેવી ઘટનાઓ સામે આવી છે. આ ઘટનાઓમાં જવાબદાર અધિકારી, કેબિન ક્રૂ યોગ્ય કાર્યવાહી કરવા બદલ અસફળ રહ્યાં છે.

ફાયરિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તે પ્રતિબંધોનું ઉલ્લંઘન કરતી પોસ્ટ્સ અને સ્ટ્રીમ્સને દૂર કરવા માટે સિસ્ટમ્સ ગોઠવી છે, પરંતુ લુઈસવિલે શૂટિંગ જેવી આઘાતજનક સામગ્રી બહાર રહી છે, કાયદા ઘડનારાઓ અને અન્ય વિવેચકોને સ્લિપશોડ સલામતી અને મધ્યસ્થતા નીતિઓ માટે ટેક્નોલોજી ઉદ્યોગ પર આકરા પ્રહારો કરવા માટે પ્રેરિત કરે છે. લુઈસવિલે ગોળીબારમાં ઘાયલ થયેલા બે પોલીસ અધિકારીઓ સહિત નવ લોકોને સારવાર આપવામાં આવી હતી, એમ યુનિવર્સિટી ઓફ લુઈસવિલે હોસ્પિટલના પ્રવક્તા હીથર ફાઉન્ટેને એક ઈમેઈલમાં જણાવ્યું હતું. પોલીસે સોમવારે રાત્રે જણાવ્યું હતું કે ઘાયલોમાંની એક, જેની ઓળખ ૫૭ વર્ષીય ડીના એકર્ટ તરીકે થઈ હતી, તેનું પાછળથી મૃત્યુ થયું હતું. ઘાયલ અધિકારીઓમાંના એક, ૨૬ વર્ષીય નિકોલસ વિલ્ટ, ૩૧ માર્ચે પોલીસ એકેડેમીમાંથી સ્નાતક થયા હતા. માથામાં ગોળી વાગવાથી અને શસ્ત્રક્રિયા બાદ તેની હાલત ગંભીર હતી, પોલીસ વડાએ જણાવ્યું હતું. ઓછામાં ઓછા ત્રણ દર્દીઓને રજા આપવામાં આવી હતી.કેન્ટુકીના ગવર્નર એન્ડી બેશિયરે જણાવ્યું હતું કે તેણે શૂટિંગમાં તેના સૌથી નજીકના મિત્રમાંના એક - ટોમી ઈલિયટને - માઈનોર લીગ બોલપાર્ક લુઈસવિલે સ્લગર ફીલ્ડ અને વોટરફ્રન્ટ પાર્કથી દૂર બિલ્ડિંગમાં ગુમાવ્યો હતો.ટોમી ઈલિયટે મને મારી કાયદાકીય કારકિર્દી બનાવવામાં મદદ કરી, મને ગવર્નર બનવામાં મદદ કરી, મને સારા પિતા બનવાની સલાહ આપી," બેશિયરે કહ્યું, તેનો અવાજ લાગણીથી ધ્રૂજતો હતો. "તે એવા લોકોમાંના એક છે જેમની સાથે મેં વિશ્વમાં સૌથી વધુ વાત કરી છે, અને ખૂબ જ ભાગ્યે જ અમે મારી નોકરી વિશે વાત કરતા હતા.

ઓછા નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં મહિલા દર્દીઓ અને વડીલોના કેસો વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ સર્વેલન્સની કામગીરી સઘન રીતે થાય તે જોવા સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતારની સ્થિતિ જોવા મળી રહી છે તેને લઈ તંત્ર ચિંતીત છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ કેસ નોંધાયા છે અને ત્રણેય કેસ માણસા તાલુકામાં નોંધાયા છે. માણસા તાલુકામાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

આજે નોંધાયેલા ૩ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

માણસાના લોદરા ગામે ૭૦ વર્ષીય વૃદ્ધ તેમજ રિદ્રોલ ગામે ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તાલુકાના વરસોડા ગામે ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે નોંધાયેલ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૬૦ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ આપવામાં આવી છે.

ક્લોરિનેશન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેકટરોમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે કેનાલમાં અશુધ્ધિઓ વિશેષ છે. જયારે આ અશુધ્ધિઓ દુર કરવા માટે ફિલ્ટરેશન કરવામાં આવે છે. જયારે સરકારે નક્કી કરેલી કલોરિનેશનની માત્રા મુજબ તે પાણીમાં જળવાઇ રહે તેની તકેદારી રાખવા માટે પણ સુચના આપવામાં આવી છે.

તપાસના નામે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે જુના આવાસો તોડીને જગ્યા પણ ખુલ્લી કરવામા આવી રહી છે. પરંતુ હજુ જુના આવાસો ખાલી કરવામાં પણ રહીશો નિરસતા સેવી રહ્યા છે. જુના અને જોખમી મકાનો ખાલી કરવા માટે તંત્ર કક્ષાએથી અનેકવાર સુચના જાણ કરવામાં આવતી હોવાછતા પણ રહીશો ઝડપથી મકાન ખાલી કરતા નથી ત્યારે નિવૃતિ ,બદલી અને અવસાનના કિસ્સામાં પણ સરકારી આવાસોને કબજામુકત કરાવાનુ કામ મુશ્કેલ બન્યુ છે.

અગાઉ આ મામલે તંત્ર દ્વારા સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. જયારે સે-૬ માં પેટાભાડુઆતોને મકાન ખાલી કરાવવા માટે પણ પ્રકીયા હાથ ધરવામાં આવી હતી. નવા આવાસોમાં પણ પેટાભાડુઆતોનો વસવાટ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ જો કે ત્યારબાદ આ ઝુંબેશ અચાનક જ આટોપી લેવામાં આવી હતી. જો કે અનઅધિકૃત કબજેદારોના કિસ્સામાં હજુ સુધી શુ પગલા લેવાયા તે પણ સ્પષ્ટ થઇ રહ્યુ નથી ત્યારે બીજીતરફ છેલ્લા બે મહીનાથી અનઅધિકૃત કબજાના કિસ્સામાં સેકટરમાં આકસ્મિક તપાસના નામે પણ મીંડુ છે. અલબત્ત કોઇ કામગીરી થઇ નથી જેના લીધે આવા કબજેદારો વધુ બિન્દાસ્ત બન્યા છે. શહેરમાં હાલ રહેણાંકને લાયક આવાસોની સંખ્યા ઘટી રહી છે જયારે રીનોવેશન હેઠળ પણ મકાનો આવરી લેવાતા મકાનો ફાળવવાની કામગીરી પણ મુશ્કેલ બનતી જાય છે. આવા સંજોગોમાં આવાસોની પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળતો નથી જયારે નવા આવાસોમાં લાંબા સમયથી ૩૦ જેટલા આવાસો ફાળવવામાં આવ્યા ન આવતા મકાનો બિન ઉપયોગી બન્યા હોવાનો રોષ પણ પ્રબળ બન્યો છે.

પૂર્ણ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પૂરી થઈ, પરંતુ સાઈકલ ટ્રેક, ડક્ટ અને ફૂટપાથની કામગીરી અધૂરી રહી હતી. રોડની બંને બાજુએ આવેલી જમીન અને વૃક્ષો પર વન વિભાગની માલિકી છે. સાઈકલ ટ્રેક, ડક્ટ અને ફૂટપાથ જે સ્થળે આકાર પામી રહ્યા છે ત્યાં અગાઉ ખુલ્લી જમીન જ હતી અને ઘણાં સ્થળે ઘટાદાર વૃક્ષો ઉગેલા છે. વૃક્ષોને કાપતાં પહેલા વન વિભાગની મંજૂરી લેવી આવશ્યક છે, તેથી મ્યુનિ. તંત્ર દ્વારા આ મામલે વન વિભાગમાં લેખિત રજૂઆત કરવામાં આવી હતી. વન વિભાગે નિયમ મુજબ આ દરખાસ્તને ભોપાલ ખાતેની વડી કચેરીમાં મોકલી હતી, પરંતુ લાંબા સમયથી મંજૂરી મળી નથી. ગાંધીનગર મ્યુનિ. વિસ્તારમાં વિકાસકાર્યોની સમીક્ષા દરમિયાન મેયર હિતેશભાઈ મકવાણા દ્વારા આ મામલે પ્રભારી મંત્રી હર્ષ સંઘવી સમક્ષ રજૂઆત થઈ હતી. મુખ્ય માર્ગો પર વૃક્ષો હોય તેવા સ્થળે ફૂટપાથ, ડક્ટ અને સાઈકલ ટ્રેક ન બન્યા હોવા બાબતે ચર્ચા કરી હતી. જેના પગલે પ્રભારી મંત્રીએ વન વિભાગના અધિકારીઓને મંજૂરીની પ્રક્રિયા ત